# Day to Day Current Affairs

8. Feb 2016

## ૧. ડૉ.મંજુલાબેન સુબ્રમણ્યમ :

- ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય સચિવ ડૉ.મંજુલા સુબ્રમણ્યાનું 'મેગા' કંપનીના ડિરેક્ટર પદેથી રાજીનામુ
- 'મેગા': મેટ્રોલિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર – અમદાવાદ

## ૨. ગિરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધા :

- જુનાગઢના ગિરનાર પર્વત પર નવમી રાષ્ટ્રીય કક્ષાની આરોહણ – અવરોહણ સ્પર્ધા યોજાઇ.
- કુલ 292 સ્પર્ધકોએ આ સ્પર્ધામા ભાગ લીધો હતો.
- વિજેતા ખેલાડીઓ :

| સિનિયરભાઇઓ | સમય(મિનિટ) |
|---|---|
| ૧.મજીઠીયા હરી ગોંવિદભાઇ | ૫૮.૦૩ |
| ૨.ફુલકુમાર બિજેન્દ્રકુમાર | ૫૯.૨૬ |
| ૩.ચૌહાણ રાજેશ | ૬૦.૧૮ |
| સિનિયર બહેનો | સમય (મિનિટ) |
| ૧.સોંલકી પુનમ | ૩૭.૩૧ |
| ૨.સોંલકી કાજલ | ૩૮.૫૨ |
| ૩.ગોહેલ ગીતા | ૩૯.૨૨ |
| જુનિયર ભાઇઓ | સમય (મિનિટ) |
| ૧.સુરેન્દ્ર મહેન્દ્રસિંઘ | ૬૦.૩૬ |
| ૨.નવીનકુમાર બચ્ચનસિંઘ | ૬૦.૪૦ |
| ૩.બારૈયા ભાવેશ | ૬૧.૦૮ |
| જુનિયર બહેનો | સમય(મિનિટ) |
| ૧.કથિરીયા શ્રાધ્ધા | ૪૦.૩૩ |
| ૨.ભરડા મિતલ | ૪૨.૨૦ |
| ૩.સરવૈયા સંગીતા | ૪૨.૩૨ |

- ભાઇઓ માટે 5 હજાર પગથીયા જ્યારે બહેનો માતે 2200 પગથીયા માટેની સ્પાર્ધા હતી.

3. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
- વેરાવળ ખાતે સોમનાથ યુનિ.નો 8મો પદવીદાન સમારોહ યોજાયો.
- રાજ્યપાલ એ.પી.કોહલીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં 'શિવ તત્વ' વિષયની ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સંસ્કૃત સંગોષ્ઠિનું ઉદઘાટન થયુ હતુ
- સોમનાથ યુનિ.નુ મુખપત્ર : સોમજ્યોતિ

૪. 'જી – વીશ' કાર્યક્રમ :
- વિદ્યાર્થીઓમાં વધી રહેલી આપઘાતની ઘટનાને અટકાવવા અને દેશના યુવાધનને બચાવવા 'જી-વીશ'કાર્યક્રમ લોંચ થયો
- ઇન્ડિયન મેડિકલ એસોસિએશન ગુજરાત શાખા અને ઇન્ડીયન સાઇક્રિયાટ્રીક સોસાયટીના સંયુક્ત ઉપક્રમે 'જી-વીશ'ની રચના કરી રાજકોટની આત્મીય કોલેજ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યુ.
- 'જી-વીશ'કાર્યક્રમ અંતર્ગત સાઇક્રિયાટ્રીય શાળાઓમાં જઇ શિક્ષકોને તાલીમબધ્ધ કરશે અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની ગાઇડલાઇન મુજબ શિક્ષકો નાસીપાસ થયેલા વિદ્યાર્થીઓને હુંફુ પુરી પાડી તેને માનસિક અસ્વસ્થાતાનીએ સ્થિતિમાંથી બહાર કાઢશે.
- ગુજરાતથી શરૂ કરાયેલો આ કાર્યક્રમ આગામી સમયમાં રાષ્ટ્રીય સ્તરે પણ લઇ જવાશે.
- આ કાર્યક્રમમાં 'વિદ્યાર્થીઓની આત્મહત્યા નિવારણ માટે શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા' પુસ્તકનું વિમોચન થયું હતું.
- IMA ગુજરાતના પ્રમુખ : ડૉ. અતુલ પંડ્યા

૫. IOC ની રિફાઇનરી રાષ્ટ્રને સમર્પિત કરાઇ :
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓડીસાના પારાદીપ ખાતે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનની 34555 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી રિફાઇરી રાષ્ટ્રને સમર્પિત કરી.
- ભારત સરકારનું 2022 સુધિમાં તેલની આયાતમાં 10 ટકા ઘટાડાનું લક્ષ્ય છે.

## પ્રશ્નો

૧. 'મેગા'નું પુરૂ નામ જણાવો – મેટ્રોલિક એક્સપ્રેસ ફોર ગાંધીનગર – અમદાવાદ

૨. કેટલામી રાષ્ટ્રીય કક્ષાની ગીરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધા યોજાઇ? નવમી

3. ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સંસ્કૃત સેંગોષ્ઠીનું ઉદઘાટન ક્યાં થયું? સોમનાથ સંસ્કૃત યુનિ.

૪. સોમનાથ સંસ્કૃત યુનિ.નું મુખ્યપત્ર ? સોમજ્યોત

૫. IMA ગુજરાતનુ પુરૂ નામ લખો ? ઇન્ડિયન મેડીકલ એસોસિએશન

Vivekanand Academy, Gandhinagar